દાખલ તા.૧૬/૧૨/૨૦૦૯
ફેસલ તા.૦૯/૦૪/૨૦૧૮
સમયગાળો

| વર્ષ | મહીના | દિવસો |
|---|---|---|
| ૮ | ૩ | ૨૩ |

***ગાંધીનગરના મે. છઠ્ઠા એડીશ્નલ સીનીયર સીવીલ જજશ્રીની કોર્ટમાં, મુ.ગાંધીનગર.***

***સ્પે.દી.મુ.નં.૨૮૧/૨૦૦૯.***

***આંક–૫૩***

**વાદી:**

૧. પટેલ કપીલાબેન તે બીપીનચંદ્ર સત્યેન્દ્રપ્રસાદ પટેલની વિધવા ઉ.વ.૫૧, ધંધો–ઘરકામ,

૨. પટેલ ચીરાગ બીપીનચંદ્ર ઉ.વ.આ.૨૬ ધંધો–નોકરી

૩. પટેલ રીનાબેન બીપીનચંદ્ર ઉ.વ.આ.૨૮ ધંધો–ઘરકામ

૪. પટેલ બીનાબેન તે બીપીનચંદ્રની દીકરી અને કલ્પેશકુમાર અશ્વિનકુમારની પત્ની, ઉ.વ.આ.૩૦ ધંધો–ઘરકામ,

વાદી નં.૧ થી ૪ તમામ રહે. બ્લોક નં.૭૬૪, પીળો પટ્ટો, સેકટર–૨૪, ગાંધીનગર.

**વિરુધ્ધ**

**પ્રતિવાદી:**

૧. ધી સ્ટેટ ઓફ ગુજરાત, શ્રી ચીફ સેક્રેટરી, ગુજરાત રાજય, નવા સચિવાલય, સેકટર–૧૧, ગાંધીનગર.

૨. શ્રી કલેકટર, કલેકટરશ્રીની કચેરી, એમ.એસ.બીલ્ડીગ, સેકટર–૧૧,

ગાંધીનગર.

૩. શ્રી સુપ્રિટેન્ડીગ એન્જીનીયર,

સેન્ટ્રલ ડીઝાઈન ઓર્ગેનાઈઝેશન નર્મદા જ.સ.પા.યુ. અને

કલ્પસર ડીપાર્ટમેન્ટ, બ્લોક નં.૯, બીજો માળ,

જુના સચિવાલય, ગાંધીનગર.

૪. શ્રી સેકશન અધીકારી,

નર્મદા જ.સ.પા.યુ. અને કલ્પસર ડીપાર્ટમેન્ટ,

બ્લોક નં.૯, બીજો માળ, જુના સચિવાલય, ગાંધીનગર.

**દાવો રૂ.૧૪,૪૯,૦૦૦/–ના આંકથી.**

વાદી તરફે વિ.વકીલ શ્રી પી.એન.વ્યાસ.

પ્રતિવાદીઓ તરફે વિ.એ.જી.પી.શ્રી.એસ.એસ.પંડયા.

*ઠ રા વ*

૧.. વાદીના દાવાની હકીકત ટુંકમાં એવી છે કે, વાદીઓના વડીલ બીપીનચંદ્ર સત્યેન્દ્રપ્રસાદ પટેલ ગુજરાત રાજયમાં નર્મદા અને નળ સંપતી પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ જુના સચિવાલય ગાંધીનગર ખાતે જુનીયર કલાર્ક તરીકે સરકારી નોકરી કરતા હતા અને તેઓ તા.૮/૯/૨૦૦૯ના રોજ ચાલુ નોકરી દરમયાન પ્રતિવાદીઓની નિષ્કાળજીના કારણે અકાળે મૃત્યુ પામેલ છે. વાદીઓ મૈયત બીપીનચંદ્રના સીધી લીટીના વારસો છે અને વાદીઓને પ્રતિવાદીઓની પાસેથી દાવામાં જણાવેલ રકમ વસુલ મેળવવા હકકદાર છે. મૈયત બીપીનચંદ્ર આંતરીક વ્યવસ્થાના ધોરણે (લો. સેવા પર ) ઈ–૫ શાખાની કામગીરી સારુ તા.૧/૮/૨૦૦૯ની પચ્ચાદવર્તી અસરથી ફારવણી કરવામાં આવેલ તે દરમ્યાન

તા.૮/૯/૨૦૦૯ના રોજ આ હુકમ મુજબ નવા સચિવાલયમાં આવેલ જળ સંપતી વિભાગના બ્લોક નં.૯ના સાતમે મજલે આવેલ ઓફીસમાં ફરજ બજાવતા હતા ત્યારે રેકર્ડ રૂમમાં જરૂરી કાગળો માટે ઓફીસની ફાઈલોના ઉચેથી પોટકા ઉતારતા હતા ત્યારે ૩×૩ ફુટના ખુલ્લા રાખવામાં આવેલ ફાંકા(બાખા)ની જગ્યામાં પડી ગયેલા અને સાતમા મજલેથી સીધા ચોથે મજલે પટકાઈ ગયેલા આ કમાનમં દરેક મજલે ડ્રેનેજ વેન્ટીલેશન માટો રાખવામાં આવેલ છે. આ મકાનના છઠૃા અને પાંચમા માળે ૩×૩ ફુટની ખુલ્લી જગ્યા આવેલ જે ચોથે મજલ ે રાખવામાં આવેલ છે તે ચોથે મજલે ખુલ્લી જગ્યા ઉપર લોખંડનો ભંગાર હોવાથી ચોથા મજલ ે પટકાઈ ગયેલા. ત્યાર બાદ બનાવની જાણ ફાયર બ્રીગેડ અને ૧૦૮ ઈમરજન્સી એમ્યુલન્સ સ ેવાને કરવામાં આવેલી અને બીપીનચંદ્રને તાત્કાલીક સીવીલ હોસ્પિટલમાં લઈ જવામાં આવેલા જયાં તેમને મૃત્યુ પામેલા જાહેર કરવામાં આવેલા. આમ, બીપીનચંદ્રના મૃત્યુ માટે શ્રી સરકાર અને સરકારનુ બાંધકામ ખાતુ જવાબદાર છે. બીપીનચંદ્રની જન્મ તારીખ ૧૩/૮/'૫૫ હોવાથી અને તેમનો માસીક પગાર રૂા.૧૩,૭૨૦/- હોવાથી બીજા પાંચ વર્ષ નોકરી કરી રૂા.૮,૧૩,૭૨૦/- પગાર તરીકે મેળવી શકયતા હોત અને તેઓને છઠૃા પગાર પંચનો લાભ તા.૧/૪/૨૦૦૯થી મળતાં અને તેમના માસિક પગાર રૂા.૧૮,૫૦૦/- મેળવી શકત અને ૪ વર્ષ અને ૫ મહીના વધુ નોકરી કરી રૂા.૯,૯૯,૦૦૦/- પગાર મેળવી શકત. આમ, બીપીનચંદ્ર ૫૯ વર્ષ સુધી નોકરી કરી શકયા હોત તો પ્રો. ફંડ, ગ્રેજયુઈટી વિગેરે રૂા.૧ ,૦૦,૦૦૦/- વધુ લાભ મેળવી શકયા હોત. તેમજ ઘણી રજાઓ ભેગી થયેલ તે નિયમો મુજબ ૨૦૦ રજાઓ મૃત્યુના કારણે ભોગવી શકયા નહી અને તેનો બદલો રૂા. ૧ ,૦૦,૦૦૦/- સરકારે આપવો જોઈએ તેમજ બીપીનચંદ્રના પત્ની અને બાળકોએ સહવાસ ગુમાવ્યો તેની કિંમત પૈસામાં ન થઈ શકે તેમ છતાં રૂા.૫૦,૦૦૦/- આ માટે આપવા જોઈએ. તેમજ બીપીનચંદ્રને પુરૂ પેન્શન મળત. આમ તમામ રકમ માટે સરકાર પ્રતિવાદી નં.૧ વાદીઓને આપવા જવાબદાર છે. બીપીનચંદ્ર સાદાઈથી જીવતા હતા અને તેઓને કોઈ રોગ ન હતો તેઓની કમાણી કુટુમ્બ માટે વાપરતા હતા. તેમજ શ્રી સરકારની પોલીસી છે કે કર્મચારીનુ ફરજ દરમ્યાન અકસમાતથી અકાળે મૃત્યુ થાય તો કર્મચારીના કુટુમ્બમાંથી એકને રહેમ રાહે

સરકારી નોકરી આપવી જેથી તેઓની દીકરી રીનાબેને રહેમરાહે નોકરી મેળવવા અરજ કરેલ જે નામંજુર કરવામાં આવેલ છે જે અયોગ્ય અને ગેરકાયદેસર છે. આમ, બીપીનચંદ્ર અકાળે મૃત્યુ થવાથી વાદી નં.૧નાએ પતિનો સહવાસ ગુમાવ્યો છે અને વાદી નં. ૨ થી ૪નાએ પિતા ગુમાવ્યા છે. વાદીઓએ બીપીનચંદ્રનુ મૃત્યુ તા.૮/૯/૨૦૦૯ના રોજ ગાંધીનગર મુકામે ચાલુ સરકારી નોકરી દરમ્યાન પ્રતિવાદીઓની નિષ્કાળજી અને બેદરકારીને કારણે થયેલ હોઈ આ દાવાનુ કારણ ઉત્પન્ન થયેલ છે. વાદીઓએ પ્રતિવાદીઓને કાયદા મુજબની રજી. એ.ડી.થી નોટીસો તા.૧/૭/'૦૯ના રોજ આપેલ જે પ્રતિવાદીઓને બજેલ છે તેનો જવાબ પ્રતિવાદીઓએ આપેલ નથી કે વાદીની માગણી મુજબની રકમ ચુકવી આપેલ ન હોવાથી દાવો કરી વાદીઓએ દાદ (અ) પટેલ બીપીનચંદ્રનુ મૃત્યુ પ્રતિવાદીઓની બેદરકારી અને નિષ્કાળજીને કારણ થયેલ હોઈ તેવુ ઠરાવી અને દાવામાં જણાવેલ રૂા.૧૪,૪૯,૦૦૦/– પ્રતિવાદીઓ પાસેથી વસુલ અપાવવા હુકમ તથા હુકમનામુ વાદીઓના લાભમાં પ્રતિવાદીઓ વિરુધ્ધ ફરમાવવા અરજ કરેલ છે. (બ) બીપીનચંદ્ર ના વારસો પૈકી પટેલ રીનાબેનને રહેમરાહે પ્રીતવાદીઓ નોકરી આપે તેવો હુકમ કરી આપવા અરજ કરેલ છે. તેમજ (સી) બીજી યોગ્ય અને વ્યાજબી લાગે તેવી દાદ તેમજ (ડી) દાવાનુ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા અરજ કરેલ છે.

**૨..** આ કામના પ્રતિવાદીઓને પ્રોસેસ કાઢતાં સમન્સની કાયદેસર બજવણી થતાં પ્રતિવાદીઓ અત્રેની કોર્ટમાં સરકારી વકીલશ્રી મારફતે હાજર થયેલ છે અને પ્રતિવાદીઓ પૈકી નં.૩ નાઓએ વાદીના દાવા અરજનો જવાબ આંક ૯ થી રજુ કરેલ છે. જેમાં તેઓએ દાવા અરજીમાં જણાવેલ હકીકતોનો મહદઅંશે ખોટી હોવાનુ જણાવી ઈન્કાર કરેલ છે અને જવાબમાં મુખ્યત્વે હકીકત જણાવેલ છે કે, જેમાં તેઓએ દાવા અરજીમાં જણાવેલ રકમ મળવાપાત્ર થતી નથી. શ્રી બી.એસ.પટેલ જુ.કલાર્ક તરીકે તા.૨૦/૭/૨૦૦૫થી અધીક્ષક ઈજનેરશ્રી મધ્યસ આલેખન તંત્ર હેઠળ બદલીથી મુકવામાં આવેલ છે. તેઓ ન.જ.સંપા.પુ અને કલ્પસર વિભાગ ખાતે તા.૨૨/૭/૨૦૦૫થી જુ.કલાર્ક હેઠળ લોન સેવા પર રાખવામાં આવેલ છે. તેઓની સ્વવિનંતીથી તા.૧૫/૫/૨૦૦૮થી અ.ઈ.શ્રી મ.આ.તંત્ર, ગાંધીનગર ખાતે પ્રીતવાદી નં.૩ ની

કચેરીમાં મુકવામાં આવેલ છે. ત્યાર બાદ તા.૧/૮/૨૦૦૮ની પ્રશ્ચ્યાત અસરથી તા.૬/૯/૨૦૦૮થી આંતરીક વ્યવસથાના ધોરણે (લોન સેવા પર) ફરીથી મુકવામાં આવેલ છે. તેઓનો પગાર ખર્ચ અ.ઈ.શ્રી મધ્યસ્થ આલેખન તંત્ર, ડો. જીવરાજ મહેતા ભવન ગાંધીનગર ખાતે ચુકવાતો હતો તેઓ તા.૮/૯/૨૦૦૯ના રોજ ફરજ પર હતા. વાદીઓએ કરેલ દાવાની રકમ વસુલ લેવા હકકદાર થતા નથી તેમજ સામાન્ય રીતે પોટલા મુકવાનુ, ઉતારવાની, બાંધવાની તમામ કામગીરી શાખાના પટાવાળાની હોય છે સદર કર્મચારી કે અધીકારી ધ્વારા પોટલા ઉતારવાની ફરજ પાડવામાં આવતી નથી તેમ છતાં તે કેવી રીતે પડી ગયા તેનાથી અજાણ હોવાનુ જણાવેલ છે તેમજ બીપીનચંદ્રની ઉમર ૫૩ વર્ષની હતી જેથી ઉમરના હીસાબે જે કંઈ બન્યુ હોય તો કહી શકાય નહી. બી.પી. વધી જાય, ઘટી જાય તો પણ આવુ બની શકે જેથી દાવામાં આવેલ દાદની રકમ મળવાપાત્ર થતી નથી. વધુમાં વાદીઓએ દાવા અરજીમાં જણાવ્યા મુજબ રહેમરાહે નિમણુંકનો લાભ મળવાપાત્ર થતો નથી. દાવાનુ હકુમત વાદીઓએ ખોટી ઉભી કરેલ છે તેમજ સરકારી કામગીરીમાં ઉપલી કચેરી ધ્વારા યોગ્ય માર્ગદર્શન મળવામાં વિલંબ થયેલ હોય જેનો જવાબ જે તે વખતે આપેલ નથી અને નોટીસમાં જણાવેલ હકીકત ખોટી ઉપજાવી કાઢેલ છે દાવાનો કોર્ટફી સ્ટેમ્પ ખોટો વાપરેલ છે વાદીને આવો દાવો કરવાનો પ્રશ્ન રહેતો નથી જેથી આ બાબતે કંઈ કહેવાનુ રહેતુ નથી. વાદીનો દાવો ખોટો અને ગળે પડવા સમાન હોઈ તેમને અન્ય કોઈ દાદ આપવા પાત્ર ન હોવાથી આ તમામ હકીકતો અને સંજોગોમાં વાદીનો દાવો ખર્ચ સાથે રદ્દ કરવા અરજ કરેલ છે.

તેમજ આ કામના પ્રતિવાદીઓ પૈકી નં.૧,૪નાઓએ વાદીના દાવા અરજનો જવાબ બાબતે સદર કામે પ્રતિવાદી નં.૩નાઓએ જવાબ, પુરાવા રજુ કરેલ છે તે સદરહુ પ્રતિવાદીઓ વળગી રહેલા છે અને તેઓએ રજુ કરેલ જવાબ પ્રતિવાદી નં.૧,૪ નાઓએ ગ્રાહ્ય રાખેલાનુ આંક ૧૬ની પુરસીસ ધ્વારા જાહેર કરેલ છે.

તેમજ આ કામના પ્રતિવાદીઓ પૈકી નં.૨નાઓએ વાદીના દાવા અરજનો જવાબ

આંક ૧૮થી રજુ કરેલ છે. જેમાં તેઓએ દાવા અરજીમાં જણાવેલ હકીકતોનો મહદઅંશે ખોટી હોવાનુ જણાવી ઈન્કાર કરેલ છે અને જવાબમાં મુખ્યત્વે હકીકત જણાવેલ છે કે, જેમાં તેઓએ દાવા અરજીમાં જણાવેલ રકમ મળવાપાત્ર થતી નથી. તેમજ વાદીના પતિ તેઓની નિયંત્રણ હેઠળની કચેરીમાં ફરજ બજાવતા ન હતા તેમજ તેઓ જે કચેરીમાં ફરજ બજાવતા હતા તે રાજય સરકારની ઉપલી કચેરી હોઈ જે કચેરી ઉપર તેઓનુ કોઈ નિયંત્રણ હોતુ નથી અને વધુમાં જણાવેલ છે કે કાર્યપાલક ઈજનેરશ્રી(વહીવટ) મધ્યસ આલેખન તંત્ર ગાંધીનગર ધ્વારા તા.૧/૭/૨૦૧૦ના રોજ જે સોગંદનામુ/પેરાવાઈઝ રીમાર્કસ રજુ કરેલ છે જે નિગાહે લઈ આગળની કાર્યવાહી કરવા અરજ કરેલ છે.

**૩..** આ કામે રેકર્ડ જોતાં દાવા અરજી, જવાબ તેમજ રેકર્ડ પર રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં દાવાના નિર્ણયાર્થે મારા પુરોગામી ન્યાયાધીશે આ કામે આંક ૨૦ થી નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલ છે :-

**<u>મુદ્દાઓ:-</u>**

૧. શું વાદી પુરવાર કરે છે કે, તેઓને પ્રતિવાદી વિરૂદધ હાલનો દાવો દાખલ કરવાનું કારણ ઉપસ્થિત થયેલ છે ?

૨. શું વાદી પુરવાર કરે છે કે, વાદીઓના વડીલ પ્રતિવાદીઓની બેદરકારીના કારણે મૃત્યુ પામેલ છે?

૩. શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

૪. શું હુકમ તથા હુકમનામુ?

**૪..** ઉપરોકત મુદ્દાઓ સબબ મારા ન્યાયિક નિર્ણયો કારણો સહ નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. આખરી હુકમ મુજબ.....

**પ..** આ કામે પક્ષકારોએ પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**<u>વાદી તરફે:</u>**

**મૌખિક પુરાવાઓ**

આંક–૨૭થી વાદી ચીરાગ બીનીનચંદ્રની સોગંદ ઉપર સરતપાસ

આંક –૪૪થી પુરાવા બંધની પુરસીસ

**દસ્તાવેજી પુરાવાઓ**

આંક–૨૮થી નાયબ સચિવશ્રી(સેવા)ની તા.૮/૦૮/૦૮ની નોંધ

આંક–૨૯થી પી.એમ.નોટ(રીપોર્ટ)

આંક–૩૦થી બીપીનચંદ્રનામરણનો દાખલો

આંક–૩૧થી રહેમરાહે નોકરી આપવા બીાબતેની અરજીનો જવાબ

આંક–૩૨થી લીગલ નોટીસ

આંક–૩૩ થી ૩૫ એકનોલેજમેન્ટ પાવતીઓ–૩

આંક–૩૬થી આશ્રીત કુટુમ્બને ઉચ્ચક નાણાંકીય સહાય ચુકવવા બાબતનો પરીપત્ર

આંક–૩૭થી બીપીનચંદ્રનુ એલ.પી.સી.

આંક–૪૨થી બીપીનચંદ્રના મરણ બાબતે પો.સ્ટે.ને કરેલ અરજી

આંક–૪૩થી ઈન્કવેસ્ટ પંચનામાની નકલ

**<u>પ્રતિવાદી તરફે:</u>**

**મૌખિક પુરાવો**

આંક–૪૮થી પ્રવાદી હેમુકુમાર જયંતીભાઈ પટેલ અધી.ઈજનેરની સોગંદ ઉપર સરતપાસ આંક–૫૧થી પુરાવા બંધની પુરસીસ.

**૬..** વાદી તરફે આંક પરથી લેખીત દલીલો વંચાણે લીધી તેમજ પ્રતિવાદીઓ તરર્ફેની મૌખિક દલીલો સાંભળી.

પ્રતિવાદીઓ તરફથી મુખ્યત્વે એવી મૌખિક દલીલ કરવામાં આવેલ છે કે સ્વ. બીપીનચંદ્ર તેઓની પોતાની બેદરકારીના કારણે મૃત્યુ પામેલ કારણકે પોટલામાંથી ફાઈલો કાઢ વાની જવાબદારી તેઓની ન હતી છતા તેઓ પોટલામાંથી ફાઈલો કાઢવા ગયેલા અને જેથી તેમાં તેઓની પોતાની બેદરકારી હતી અને આ બનાવ બનેલ જેમાં સરકારને જવાબદાર ગણાવી શકાય નહી. વધુમાં તેઓએ ભરપુર્વક દીલીલ કરેલ છે કે સ્વ. બીપીનચંદ્રના કુટુંબીઓને જે નિયમ મુબજ જે કંઈ મળવા પાત્ર હતી તે તમામ રકમ ચુકવી દીધેલ છે અને હવે તેથી વિષેશ કોઈ રકમ મળવા પાત્ર ન હોઈ હાલનો દાવો ખર્ચ સહિત રદ કરવા રજુઆત કરવામાં આવેલ છે.

**૭..** ***કારણો***

**<u>મુદ્દા નં. ૧ થી ૪</u>**

ઉપરોકત તમામ મુદદાઓ એકબીજા સાથે સંકળાયેલ હોઈ, હકીકતોનું પુનરાવર્તન ન થાય તે સારુ તમામની ચર્ચા સાથે કરવામાં આવેલ છે.

૮. ઉપરોકત પુરાવો જોતા નીચે મુજબની હકીકતો તકરારી અને બિન તકારારી છે :–

**બિનતકરારી હકીકતો**

––વાદીઓના વડીલ બીપીનચંદ્ર સત્યેન્દ્રપ્રસાદ પટેલ પ્રતિવાદી નં ૩ ની કચેરીમાં તા. ૮.૯.૨૦૦૯ ના રોજ જુનીઅર કલાર્ક તરીકે ફરજ બજાવતા હતા.

–– સ્વ. બીપીનચંદ્ર તા. ૮.૯.૨૦૦૯ ના રોજ ચાલુ ફરજ ઉપર આકસ્મીક મૃત્યુ પામેલા.

**તકરારી હકીકતો**

––સ્વ. બીપીનચંદ્ર તા. ૮.૯.૨૦૦૯ ના રોજ પ્રતિવાદીઓની બેદરકારીના કારણે મૃત્યુ પામેલા.

૯. આ કામના વાદી નં ૨ નાએ તેઓની આંક ૨૭ થી થયેલ ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે તેઓના તેમના પિતાશ્રીની મૃત્યુ બાદ નોકરી પછીના લાભો મળી ગયેલા છે. વધુમાં તેઓએ કબુલ રાખેલ છે કે તેઓની માતાને કુટુંબ પેન્શન મળે છે. આમ પ્રતિવાદી નં ૩ નાએ તેઓના જવાબમાં જણાવેલી હકીકત કે સ્વ. બીપીનચંદના આવસાન બાદ તેમના કુટુંબીઓને મળવાપાત્ર રકમ કુલે રૂા ૯,૫૦,૩૪૪/– મળી ગયેલાની અને માસિક કુટુંબ પેન્શન રૂા ૮,૯૬૭/– પણ મળતા હોવાની હકીકત વાદીન ૨ ની ઉપરોકત ઉલટતપાસની કબુલાત થી સાબિત થાચ છે.

૧૦. વધુમાં આ કામે વાદીઓની રેહમ રાહે નિમણુંક અંગેની દાદ બાબતે વાદી નં ૩ નાએ આંક ૩૧ થી અરજી કરેલી જે બાબતે આંક ૩૬ નો રાજય સરકારનો પરિપત્ર જોવામાં આવે તો તે પરિપત્ર મુજબ રહેમરાહે નોકરીને બદલે મૈયત સરકારી કર્મચારીની બાકી રહેલી નોકરીના સમયગાળા પ્રમાણે ઉચ્ચક સહાય આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે. ઉપરકત ચર્ચા તે મુજબ વાદીઓને રૂા ૯,૫૦,૩૪૪/– જેટલી રકમ ચુકવેલ હોઈ અને માસિક કુટુંબ પેન્શન રૂા ૮,૯૬૭/– પણ મળતુ હોઈ વાદી નં ૩ ની રહેમરાહે નિમણુંક ની અરજી પ્રતિવાદીઓએ રદ કરેલ હોઈ જે ઉપરકત ઠરાવ મુજબ યોગ્ય હોઈ અને જે ઠરાવ મુબજ રકમ સ્વીકાર્યા બાદ રહેમરાહે નિમણુંક અંગેની દાદ માંગી શકાય નહી તેવુ અત્રેની કોર્ટનું માનવું છે. જેથી વાદીઓની રહેમ રહે નિમણુંક ની દાદ વાદીઓ મેળવવા હકકદાર થતા નથી.

૧૧. હવે પ્રતિવાદીઓની બેદરકારી બાબતે જો વાદીઓ તરફથી રજુ થયેલ

દસ્તાવેજો જોવામાં આવ તો સૌપ્રથમ જો આંક ૨૯ થી રજુ થયેલ પોસ્ર્ટમોટમ રીપોર્ટ જોવામાં આવે તો તેમાં મરત થવાનું કારણ લખેલ છે તે મુજબ ગુજરનારનું અકાળે અવસાન થયાનં ફલીત થાય છે.

૧૨. તેમજ આંક ૩૦ થી રજુ થયેલ ગુજરનારનું મરણનું પ્રમાણપત્ર જોવામાં આવે તો તે મુબજ ગુજરનારનું તા. ૮.૯.૨૦૦૮ ના રોજ અવસાન થયેલાનું જણાઈ આવે છે.

૧૩. વધુમાં આ કામે આંક ૪૩ થી રજુ થયેલ પોલીસ દવારા કરવામાં આવેલ ઈન્કવેસ્ટ પંચનામું જોવામાં આવે તો તેમાં લખેલ હકીકતો જોતા ગુજરનારનું અવસાન માથાના ભાગે તથા અન્ય જગ્યાએ થયેલ ઈજાઓ દર્શાવેલ છે.

૧૪. વધુમાં આ કામે રજુ થયેલ આંક ૪૨ વાળી પોલીસ ફરીયાદ જોવામાં આવે તો વાદી નં ૨ નાએ તેઓના પિતાનું અવસાન પ્રતિવાદીઓની બેદરકારી ના કારણે થયેલ હોવા બાબતી ફરીયાદી કરેલાનું જણાઈ આવે છે. પરંતુ સદર ફરીયાદીમાં વાદી નં ૨ નાએ બનાવ બાબતે જણાવે છે કે ''**તા. ૮.૯.૨૦૦૮ ના રોજ બપોરના સમયે સચિવાલયના સાતમા માળે આવેલ જળસંપત્તિ વિભાગની તેમની કચેરીના રકર્ડ રૂમમાં ફાઈલો લેવા માટે ગયા હતા અને ફાઈલોના પોટલાં ઉતારતા હતા તે વખતે એક પોટલું ઉતારીને બીજું પોટલું પકડયું તે વખતે જ અચાનક શરીરનું બેલેન્સ ગુમાવતાં ડ્રેનેજલાઈન માટેની જગ્યા ઉપર લાકડાનું પાટીયું મુકેલુ હતું તેના ઉપર પડી જતા પાટીયું પણ ઝમવાને કારણે બોદુ થયેલુ હશે તેથી તુટી જતાં સાતમા માળેથી સીધા ચોથા માળે પટકાયા હતા.**''

હવે આ ફરીયાદ પરથી એમ જણાઈ આવે છે કે સ્વ. બીપીનચંદ્ર ફાઈલો પોટલામાંથી ઉતારતા હતા હતા તે વખતે અચાનક તેમના શરીરનું બેલેન્સ ગુમાવતાં ડ્રેનેજલાઈન માટેની ૩ બાય ૩ ની બાખામાં રાખેલ લાકડાના પાટીયા પર તેઓ પડતા જે લાકડુ ટુટી જતા

તેઓ સાતમા માળે થી તે બાખામાં ચોથા માળે પડેલા. આમ સ્વ. બીપીનચંદ્ર ખુદ તેઓની જાતે શરીરનું બેલેન્સ ગુમાવતા પડી ગયેલાનું ફલિત થાય છે.

વાદીઓએ દીલીલ કરેલી છે કે તે ૩ બાય ૩ ના ડ્રેનેજ લાઈન માટેના બાખામાં કોઈ લોખંડની જાળી મુકેલ ન હતી જેથી પ્રતિવાદીઓની તેમાં બેદરકારી છે. પરંતુ માત્ર લોખંડની જાળી ન મુકવાથી પ્રતિવાદીઓની બેદરકારી સાબિત થયેલાનું કહી શકાય નહી. તેમજ ખુદ વાદીઓના કેસ મુજબ તે બાખામાં લાકડાનું પાટીયુ મુકેલ હતુ. જેથી કોઈ જાણકાર કર્મચારીના ધ્યાન પર આવે કે તે જગ્યા પર બાખું છે. વધુમાં ફાઈલો લેવા ઉતારવાનુ કામ સામાન્ય સંજોગોમાં પટાવાળાનું હોય છે તેમ છતા સ્વ. બીપીનચંદ્ર કે જેઓ જુની. કલાર્ક તરીકે ફરજ બજાવતા હોઈ જાતે રેકર્ડ રૂમમાં ફાઈલો કાઢવા કોણા હુકમથી ગયા હશે અને તેમ કરવાનુ કારણ શું હશે તેવી કોઈ હકીકત રેકર્ડ આવેલ નથી. આમ તેઓ જે ફાઈલો ઉતારવાનું જે કાર્ય કરતા હતા તે કાર્ય સામાન્ય સંજોગોમાં તેઓની કાર્યક્ષેત્રમાં આવતુ ન હોવાનુ જણાઈ આવે છે. આમ જે કાર્ય સ્વ. બીપીનચંદ્ર ના કાર્યક્ષેત્રમાં આવતું ન હતુ તેમ છતા તે કાર્ય કરતા કરતા તેઓએ પોતાના શરીરનુ બેલેન્સ ગુમાવી ડ્રેનેજલાઈન માટેના બાખામાં પડવાથી તેઓનું મૃત્યુ થયેલાનુ જણાઈ આવે છે અને તેમા પ્રતિવાદીઓની કોઈ બેદરકારી કે નિષ્કાળજી હોવાનું વાદીઓએ સાબિત કરેલ નથી. વધુમાં કોઈ જાણકાર પટાવાળો ફાઈલો પોટલામાંથી કાઢવા રેકર્ડ રૂમ માં જાત તો આવો બનાવ બનત નહી કારણે કે જાણકાર પટાવાળો તે બાખાથી વાકેફ હોત. આમ સ્વ. બીપીનચંદ્ર ને તે બાખાની જાણ હતી કે કેમ તે હકીકત કોઈ રેકર્ડ પર આવી શકે તેમ ન હોઈ તેમની જગ્યાએ કોઈ જાણકાર પટાવળો જાત તો આવો બનાવ બનવાની શકયતા ન રહેત. આમ માત્ર લોખંડની જાળીની જગ્યાએ લાકડાનું પાટીયુ મુકવાથી વાદીઓએ સાબિત કરેલ નથી કે પ્રતિવાદીઓની નિષ્કાળજી અને બેદકારીને કારણે આવો બનાવ બનેલ છે.

૧૫. આમ ઉપરોકત પુરાવાઓ જોતા વાદી પુરવાર કરેલ નથી કે તેઓને પ્રતિવાદીઓ વિરૂદધ હાલનો દાવો દાખલ કરવાનું કારણ ઉપસ્થિત થયેલ

છે અને  વાદીઓએ તે પણ પુરવાર કરેલ નથી કે વાદીઓના વડીલ પ્રતિવાદીઓની બેદરકારીના કારણે મૃત્યુ પામેલ છે. જેથી મુદા નં ૧ અને ૨ નો જવાબ નકારમાં આપવામાં આવે છે. આમ મુદદા નંબર ૧ અને ૨ નો જવાબ નકારમાં આપવામાં આવતો હોઈ વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર થતા નથી અને જેથી મુદદા નંબર ૩ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને મુદદા નંબર ૪ સબબ નીચે મુજબનો  આખરી  હુકમ ફરમાવુ છું :-

***હુ ક મ***

વાદીનો દાવો નામંજુર કરવામાં આવે છે.

આ દાવાનો ખર્ચ પક્ષકારોએ પોતપોતાનો ભોગવવો.

હુકમ મુજબ હુકમનામુ દોરવું.

આજ તા. ૯/૦૪/૨૦૧૮ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યા.

તા. ૯/૪/૨૦૧૮.

( પરિમલ પુરષોત્તમભાઈ પટેલ )

(કોડ નં.જી.જે.૦૦૯૪૨)

૬ઠ્ઠા એડીશનલ સીની.સીવીલ જજ,

**ગાંધીનગર.**